# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-10-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------
--

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PREZ MURMU SOMNATH

રાજ્યનાં ત્રણ દિવસનાં પ્રવાસે આવેલાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં દર્શન કર્યાં. રાષ્ટ્રપતિએ સોમનાથ મહાદેવને જળાભિષેકની સાથે સોમેશ્વર મહાપૂજા અને ધ્વજાપૂજા કરી હતી. પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરા, જુનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા, જિલ્લા કલેક્ટર સહિતના મહાનુભાવોએ સુશ્રી મુર્મૂનું સ્વાગત કર્યું હતું. મંદિર પરિસરમાં સુશ્રી મુર્મૂએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ પણ અર્પણ કરી.

હવે તેઓ સાસણ જશે, જ્યાં તેઓ સિંહદર્શન કરશે. સુશ્રી મુર્મૂ સાસણની મુલાકાત દરમિયાન ગીરમાં રહેતા આદિવાસી સમુદાયના લોકો સાથે પણ મુલાકાત કરશે. તેઓ સાસણમાં જ રાત્રિરોકાણ કરશે.

. . . . . . . . . . . . .

# NAVI ST BUS LOKARPAN

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરથી 201 નવી S.T. બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. આ બસમાં 136 સુપર એક્સપ્રેસ, 60 સેમી-લક્ઝરી અને પાંચ મિની બસનો સમાવેશ થાય છે. આ સાથે જ દિવાળીના તહેવારમાં સુદ્રઢ પરિવહન સુવિધા સુનિશ્ચિત કરવા ચાર હજાર 200 વધારાની બસના સંચાલનનો પ્રારંભ થયો.**

આ પ્રસંગે વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકોને અત્યારથી બસનું બૂકિંગ કરવા અપીલ કરી. તેમણે કહ્યું, જો બસ સંપૂર્ણ ભરાઈ જશે તો વધારાની બસ દોડાવવાની પણ વ્યવસ્થા કરાશે.

(BYTE: HARSH SANGHAVI)

હાલ S.T. નિગમ પ્રતિ દિવસ આઠ હજારથી વધુ બસના સંચાલન થકી 27 લાખથી વધુ મુસાફરોને પરિવહન સેવા પૂરી પાડે છે.

. . . . . . . . . . . . . .

# BALVANTSINH VGRC 2ND DAY

ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે દેશની આયાત અને નિકાસના તફાવતને ઘટાડવા સૌને સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો. મહેસાણામાં યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદના બીજા દિવસે આજે ભારતીય ગુણવત્તા પરિષદ દ્વારા ગુણવત્તા ઉત્કૃષ્ટતા – વિકસિત ગુજરાત વિકસિત ભારત તરફના પ્રવાસ અંગે યોજાયેલા પરિસંવાદને સંબોધતા શ્રી રાજપૂતે આ મુજબ જણાવ્યું. તેમણે ઉત્પાદનની ગુણવત્તામાં મૂલ્યવર્ધનની જરૂરિયાત અંગે વાત કરી.

આ પરિસંવાદમાં ભારતીય ગુણવત્તા પરિષદ અને સેન્ટર ફૉર ઍન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ વચ્ચે કૌશલ્ય વિકાસ અંગે સમજૂતી કરાર થયા હતા.

. . . . . . . . . . . . . .

# VGRC 2ND DAY MEHSANA

**મહેસાણામાં યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદના બીજા અને અંતિમ દિવસે આજે ગણપત વિશ્વવિદ્યાલય ખાતે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME સભા યોજાઈ. ઉદ્યમ ઉત્કર્ષ – મજબૂત, MSME, સશક્ત ભારતની મુખ્ય વિષયવસ્તુ સાથે યોજાયેલી સભાનો પ્રારંભ કરાવતા MSME વિભાગના કમિશનર સંદીપ સાગલેએ કહ્યું, MSME સમૃદ્ધ થશે તો જ ગુજરાત સમૃદ્ધ થશે અને તેના થકી વિકસિત ભારતનો સંકલ્પ પણ સાકાર થશે.**

**આ સભા દરમિયાન 'ક્લસ્ટરોથી સ્પર્ધાત્મકતા સુધી વૈશ્વિક વ્યાપાર માટે MSMEને સક્ષમ બનાવવા' માટે સમૂહ ચર્ચા પણ કરવામાં આવી.**

. . . . . . . . . . . . .

# BJP VISHWAKARMA AMBAJI

સહકાર રાજ્યમંત્રી અને ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ આજે શક્તિપીઠ અંબાજીમાં દર્શન કર્યા. ત્યારબાદ બનાસકાંઠાના ચડોતરમાં ભાજપ કાર્યાલય ખાતે તેમનો અભિવાદન સમારોહ યોજાયો. આ પ્રસંગે શ્રી વિશ્વકર્માએ કહ્યું, બનાસકાંઠાના પશુપાલકો અને ખેડૂતોએ આજે જિલ્લાની તમામ વસ્તુઓને દેશ અને વિદેશ સુધી પહોંચાડી છે. હાલ ભારતને વિશ્વનું ચોથા ક્રમાંકનું અર્થતંત્ર બનાવવામાં પશુપાલકોનો સિંહફાળો છે.

(BYTE- JAGDISH VISHWAKARMA)

. . . . . . . . . . . . . .

# BHARUCH ACCIDENT

ભરૂચમાં આજે ટૅમ્પો પલટી જતાં સર્જાયેલા અકસ્માતમાં 12 જેટલા લોકો ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, જંબુસર તાલુકાના નોબાર ગામ મજીક ટૅમ્પોમાં 25 જેટલા લોકો જઈ રહ્યા હતા. ત્યારે ચાલકે ટૅમ્પો પર નિયંત્રણ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિકોએ ઇજાગ્રસ્તોની મદદ કરી તેમને હૉસ્પિટલ ખસેડ્યા હતા. આ મામલે જંબુસર પોલીસે તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . .